

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આશ્વાસનને દિલાસા પણ કહેવાના હોય છે,*
*સંબંધ કાકા-મામાના પણ કહેવાના હોય છે.*
*છો માથાં પછાડો મંદિરે એ હસતો રહેવાનો*
*બાંધો નાતો પ્રભુથી એ પણ કહેવાનો હોય છે*

### હાઈકુ

*સ્નેહને પ્રેમ*
*દેખાય મજબૂત*
*કાચે તાંતણે*

*હોય હંમેશ*
*તૂટે નહીં ત્યાં સુધી*
*સ્વાર્થ સંબંધો*

### ચિંતન

*કુત્રાપિ ન જિહાસા અસ્તિ ન આશા વા અપિ ન કુત્રચિત્ ।*
*આત્મારામસ્ય ધીરસ્ય શાન્ત સ્વચ્છ અન્તરાત્મન: ॥*

**ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.**

**આત્મારામ તથા સ્વચ્છ અને શાંત અંતઃકરણ વાળા ધીરપુરુષને કંઈ પણ ત્યાગની કે સ્વીકારની આશા હોતી નથી.**

**ધીર અર્થાત્ જ્ઞાની એ આત્મસ્થ છે, આત્મામાં જ રમણ કરવાવાળો છે. તેને બાહ્ય દુનિયાની કોઈ ઈચ્છા રહેતી નથી. સમગ્ર સંસાર પ્રત્યે એ ઉદાસીન છે, ઉદાસ નહીં, પછી તેણે કંઈ પણ સ્વીકાર કે છોડી દેવાની આશા પણ શેની હોય !! પાસે જે કંઈ હોય કે અનાયાસ મળી જાય, તેને એ ત્યાગી દેતો નથી, તેમજ જે નથી એવું કંઈ મળે તેમ પણ ઈચ્છતો નથી. ગીતા કહે છે તેમ, યદચ્છાલાતી સંતુષ્ટ છે.**

**જીવનમાં દરેક પરિસ્થિતિમાં ખુશ - સંતુષ્ટ રહેવામાં જ સાચો આનંદ છે.**

### સુવિચાર

- વિચારવિહોણા શબ્દો વાયરા વિનાના સઢ જેવા છે - **ચિત્રલેખા**
- ચિંતન કરે તે વૈતરો ને શોષણ કરે તે શહેનશાહ... વાહ રે દુનિયા વાહ !! - **એસ. ભટ્ટાચાર્ય**
- દેહના દેવળમાં આસન જમાવી બેઠેલો આત્મા તેથી જ ઉપેક્ષા પાત્ર નથી, આત્માની આરાધના એટલે પરમાત્માની આરાધના છે - **રજનીશ**
- સમાજજીવનની વિચિત્રતા જુઓ... કુહાડા દેખાય છે ને હાથા પૂજાય છે, ખરેખર તો દંડનીય છે હાથો, કુહાડો નહીં - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વાક્ ચતુર લોકોની આવશ્યકતા નથી, વચન પ્રત્યે વફાદાર લોકોની જરૂર છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- નીતી એટલે ધર્મપ્રવેશિકા - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : દૂધમાં એક તોલો મધ ભેળવી પીવાથી રક્ત શુદ્ધ થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સુભાષચંદ્ર બોઝ કૉલેજના બીજા વર્ષમાં હતા ત્યારે બંગાળમાં અતિવૃષ્ટિને કારણે પૂરની પરિસ્થિતિ હતી. કેટલાય ગામડા પાણીમાં ડૂબેલા હતા. ત્યારે સુભાષચંદ્ર પૂરપીડિતોની સેવામાં જવાની તૈયારી કરતા હતા, લોકોને મદદ કેવી રીતે પહોંચાડવી અને રાહત સામગ્રીની વ્યવસ્થા કેવી રીતે કરવી એના આયોજનમાં હતા. એમના પિતાજીએ કહ્યું, 'ભાઈ, આટલી બધી ચિંતા કરવાની જરૂર નથી, સરકાર છે જે ચિંતા કરશે, આપણે તો આપણા ગામમાં દુર્ગાપૂજાના પંડાલની ફિકર કરવી જોઈએ.' ત્યારે સુભાષચંદ્રએ કહ્યું, 'પિતાજી, મારે મન તો આ પૂરપીડિતોની સેવા એ જ દુર્ગાપૂજા છે. હું દુઃખી લોકોને છોડીને દુર્ગાપૂજાના કાર્યક્રમમાં ભાગ લઈ શકું તેમ નથી.'

પિતાને પણ આવો જવાબ સાંભળી પુત્રની નિષ્ઠા અને કરુણાભાવ ઉપર ગર્વ થયો. અને એમણે સુભાષચંદ્રને પૂર રાહતમાં જવા માટે ખુશીથી પરવાનગી આપી.

# જીએસટીમાં રાહત આવકારદાયક

*તંત્રીસ્થાનેથી...*

દેશભરમાં ઊઠેલા વ્યાપક ઊહાપોહને પગલે કેન્દ્ર સરકારને વિવાદાસ્પદ જીએસટી જાહેરનામું રદ કરવાની ફરજ પડી છે. જીએસટી મૂળે તો યુપીએ સરકારનું બિલ હતું. તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી પદે ખુદ નરેન્દ્ર મોદી જ બિરાજેલા હતા અને એમણે એનો સખત વિરોધ કરેલો. પછી જયારે પોતે વડાપ્રધાન બન્યા ત્યારે એ જીએસટી બિલ લાવ્યા પણ એવું કઢંગું અને વિચિત્રતાવાળું બિલ લાવ્યા કે આંતરરાષ્ટ્રીય વિશ્વબેંક જેવી સંસ્થા એ તો એમને બિલનો અભ્યાસ કર્યા વગર જ શાબાશી આપી દીધી પણ એના અમલીકરણ અંગે જે મૂંઝવણો સરજાઈ એણે વેપારીઓની ઊંઘ હરામ કરી દીધી હતી. કોંગ્રેસ સહિત ભાજપના તમામ વિરોધીઓ ઉપરાંત શિવસેના જેવા જૂના સાથી પક્ષે પણ એ મુદ્દે સરકારની આકરી ટીકા કરી. જૂના સાથી પક્ષે પણ એ મુદ્દે સરકારની આકરી ટીકા કરી. ગુજરાતની ચૂંટણીમાં તો આ બાબત વિપક્ષ માટે સત્તાધારી પાર્ટી સામેનું હથિયાર જ બની ગયો હતો. નાણામંત્રી અરુણ જેટલીએ વિકાસ કરવો હશે તો એની કિંમત પણ ચૂકવવી પડશે એ મતલબનું નિવેદન કર્યું એથી આગમાં ઘી હોમવા જેવી સ્થિતિ સરજાઈ હતી. આ મુદ્દે પારોઠનાં પગલાં નહીં નહીં ભરવાની જીદ ધરાવતા નાણામંત્રીને પ્રજામાં વ્યાપેલા ધૂંધવાટને કારણે નાકલીટી તાણવી પડી છે, તેમાં કોંગ્રેસ અને જનવિકલ્પના નેતા શંકરસિંહ વાઘેલા સહિત ઘણા બધા અર્થશાસ્ત્રીઓના ઊહાપોહને જ શ્રેય આપવું પડે એમ છે. ચૂંટણી જીતવા માટે પ્રજાના અસંતુષ્ટ વર્ગને કોઈ ને કોઈ પ્રકારે રાજી રાખવો એ રાજનીતિ મોટી ખૂબ સારી રીતે જાણે છે.એટલે જેટલી જેવા સિનિયર સાથીની નાઉપરવટ અમિત શાહ અને મોદીએ જીએસટી મુદ્દે સરકારી નિર્ણય ભૂલભરેલો હતો એનો આડકતરો સ્વીકાર કરી વેપારીઓ અને નિકાસકારોને અનેક પ્રકારની રાહતોની લહાણી કરી દીધી છે. પહેલાં થયેલ નિર્ણય મુજબ વેપારીઓને દર મહિને જીએસટી રિટર્ન ફીલ કરવું પડ્યું હતું, એને બદલે હવે દોઢ કરોડના ટર્ન ઓવર સુધી દર ત્રણ મહિને રિટર્ન ફાઈલ કરવું પડશે. આ મુજબ લગભગ ૯૦ ટકા કરદાતાઓ ત્રિમાસિક રિટર્ન ભરશે અને દર મહિને ટેક્સ ચૂકવશે, બે કરોડના ટર્નઓવર સુધીના જર-ઝવેરાત એકમોને મની લોન્ડરિંગ એક્ટમાંથી બાકાત રખાતાં જવેલર્સ સમુદાય પણ રાજી થશે. કુલ ૨૭ જેટલી ચીજવસ્તુઓના જીએસટીમાં નોંધપાત્ર ઘટાડો કરાયો છે, આથી નાના વેપારીઓની મુશ્કેલી પણ ઓછી થશે. જીએસટીમાં રજિસ્ટર નહીં થયેલા ડીલર પાસેથી સામાનની ખરીદી પર વેપારીએ જાતે ટેક્સની ચુકવણી કરવી પડતી હતી. આવા રિવર્સ ચાર્જ મિકેનિઝમને પણ સરકારે ચાલુ નાણાંકીય વર્ષની સમાપ્તિ સુધી સ્થગિત કરેલ છે. હકીકતમાં આ સરકાર દ્વારા અનિચ્છાએ, લાચારીપૂર્વક કરાયેલ ચૂંટણીલક્ષી પીછેહઠ છે. ગુજરાતમાં જીએસટી મુદ્દે ભાજપની વર્ષો જૂની વેપારી વોટબેંક જ નારાજ થઈ હતી. એક તરફ પાટીદાર આંદોલન, ઠાકોર સમાજ અને દલિત સમાજનો આક્રોશ છે, બીજી તરફ શહેરોમાં ખોબલે ખોબલે મતોના ઢગલા કરતો વેપારી વર્ગ પણ નારાજ થઈ રહ્યો હતો અને વારંવાર વિવિધ પ્રકારે પોતાની નારાજગી વ્યક્ત કરતો હતો. આ મુદ્દે વડાપ્રધાને અતિશય ગંભીરતાથી લઈ એમના ગુજરાત પ્રવાસની પૂર્વ સંધ્યાએ જ હલ કરવાનો પ્રયાસ કર્યો છે બનવાજોગ કે 'બૂંદ સે ગઈ સો હોજ સે નહીં આતી' - એ કહેવત મુજબ વેપારીઓનો વિશ્વાસ જીતવામાં ભાજપને કામયાબી ન પણ મળે. પરંતુ ચૂંટણી પહેલાં રાહતોની લહાણી કરવાનું ચૂકે તો 'ચાણક્ય' શાના ?

# ઋતુના રોગ...



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અરે ઓ લીલા... હમણાં નવરાત્રી આવશે અને કેટલો બધો આનંદ હતો. નવે - નવ દિવસના જુદા જુદા કલરના મોંઘામાં મોંઘા ચણિયા ચોળી સિવડાવ્યા. ભઈ વર્ષમાં એક જ વખત નવ દિવસ નવરાતી આવે છે અને મન મૂકીને માની ભક્તિ કરવાનો અવસર મળે છે. પહેલા તો આખી રાત માની ભક્તિ કરતા. અને જલસા પડતા. રાત્રે નાસ્તા કરવાના, મજા-મસ્તી કરવાની અને થાય એટલી માતાજીની ભક્તિ કરવાની. આવું બધું વિચારેલું અને આજે નવરાત્રી પણ પુરી થઈ ગઈ અને શરદપૂર્ણિમાં પણ પૂરી થઈ ગઈ. પહેલાં તો ભઈ આખી રાત ગરબા ગાતા પણ હવે સરકારના નિયમ મુજબ ૧૨ વાગે બંધ કરી દેવા પડે છે. જોકે, પહેલાં રાત્રે અગિયાર વાગે માતાજીની આરતી થતી અને પછી વહેલી સવાર સુધી ગરબા ચાલતા. હવે ગરબા આયોજકો ૭.૩૦ કલાકે ગરબા ચાલુ કરી દે છે અને ૧૨ કલાકે બંધ કરી દે છે. જોકે, ૭.૩૦ કલાકે ગરબા કરવાનો મૂડ હોતો નથી. પણ જેવો દેશ એવો વેશ. શરદપૂર્ણિમાના દિવસે મજા કરી. ભઈ તમારે ગરબા અને તમારી કોલમ સાથે શું લાગે વળગે. તમારે જે કંઈ કહેવાનું હોય એ કહો ને.. તમારી વાત તો સાચી પણ આ શરીર અને ઋતુ બંને સાથે સંકળાયેલા છે. જે પ્રમાણે આબોહવા, ઋતુ અને તહેવારો એ પ્રમાણે શરીરમાં જુદા જુદા પ્રકારના રોગો થતાં હોય છે. જેમ કે, ચોમાસાની ઋતુમાં વધારે વરસાદ પડે, ભેજવાળું વાતાવરણ હોય તેને લગતા રોગ થતાં હોય છે. ચોમાસામાં માખી – મચ્છર અને વાયરસને ઉગવા માટે એકદમ સરસ વાતાવરણ હોય છે. ભેજવાળા વાતાવરણમાં વાયરસ અને મચ્છરનો ઉપદ્રવ વધારે થતો હોય છે અને ખૂબ જ માખીઓને હિસાબે કોલેરા, મેલેરીયા, જાડા-ઉલટી એલટે કે ઈન્ફેકશન ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ વગેરે પ્રકારના રોગ સરળતાથી માનવજાતને ભરખી જાય છે અને તેને લીધે માનવ દુઃખી પણ હોય છે અને ભગવાને અને માતાજીએ આવા બધા દુઃખની સામે ટકી રહેવા માટે નવરાત્રી, શરદપૂર્ણિમા જેવા તહેવારોનું આયોજન કરીને લોકોને સશક્ત શરીરથી બનાવવા માટે પ્રેરણા આપે છે. ગમે તેવો તાવ હોય તો પણ છોકરા – છોકરીઓ માતાજીની ભક્તિ કરતા સહેજ પણ અચકાતા નથી. ખાસ કરીને બહેનો ભક્તિમાં વધારે પડતા રસ લેતા હોય છે. જોકે, આ તો થઈ સામાન્ય વાતો. પણ આપણે એ જાણવું જોઈએ કે ઉપર લખેલા રોગ કેવી રીતે થતાં હોય છે. જેમ કહ્યું તેમ વાતાવરણમાં ભેજ વધારે હોય છે અને તેના લીધે મચ્છરનો ઉપદ્રવ, માખીનો ઉપદ્રવ એકદમ વધારે પ્રમાણમાં હોય છે. અને એ સંજોગોમાં માખી અને મચ્છરમાં મેલેરિયાના જંતુ, ટાઈફોડના જંતુ, કોલેરાના જંતુ આરામથી એક મનુષ્યથી બીજા મનુષ્ય પર તરફ ખેંચાય છે. એટલે કે માખી અને મચ્છર મનુષ્યને કરડે છે અને કરડવાથી તેનામાં રહેલા વાયરસ જે મનુષ્યને કરડે છે તેમાં ટ્રાન્સફર કરે છે. જેવું મચ્છર અથવા માખીમાંથી વાયરસ મેલેરિયાના જંતુ અથવા અન્ય કોઈ જંતુ શરીરમાં દાખલ થયા છે તે પોતાનું પ્રમાણ ખૂબ જ વધારે પ્રમાણમાં વધારી દે છે. જેને લીધે મનુષ્યના શરીરમાં એટલે કે લીવરમાં, મગજમાં, કીડની પર અને શરીરની રોગપ્રતિકારક શક્તિ ઉપર આકરા પ્રહારો કરે છે. જેને લીધે માનવજાત ખૂબ જ નબળું પડી જાય છે. નબળું પડે એટલે શું? વૈર્યાનિક ભાષામાં કહીએ તો ધારો કે મેલેરિયા થયો છે. તો મેલેરીયામાં શું થશે ? મેલેરીયાના જંતુઓ જે દર્દીને મેલેરીયા થયો હોય તેની રોગપ્રતિકારક શક્તિ ઓછી કરી નાખે. એટલે કે શરીરનું તાપમાન એકદમ વધી જાય તેને આપણે તાવ કહીએ છીએ. મેલેરીયાના જંતુ શરીરમાં ખૂબ અશક્તિ લાવે, મગજ પર લીવર પર અને કોઈ વખતે કીડની પર એની ખરાબ અસરો કરે છે. એટલે કોઈ વખતે થોડાક સમય માટે અથવા તો કાયમ માટે શરીરના અવયવને બગાડી નાખતા હોય છે માટે એને હલકામાં ન લેતાં. તાત્કાલિક લોહીનો ટેસ્ટ કરાવવો જોઈએ. મેલેરીયા જો પોઝેટીવ હોય તો એની દવા ચાલુ કરવી જોઈએ. એવી રીતે કોલેરા પણ માખીઓથી થતો રોગ છે. જે માખીઓ જુદા જુદા ખોરાક પર બેસીને એમાં રહેલા પોતાના જંતુઓને ખોરાકમાં છોડે છે જે ખોરાક મનુષ્યો ઉપયોગ કરે છે તેના શરીરમાં કોલેરાના જંતુ ફેલાઈ જાય છે અને કોલેરાના હિસાબે સફેદ પાણી જેવાં ઝાડા થઈ જાય છે અને જેને લીધે મનુષ્ય ખૂબ જ નબળો પડી જાય અને તેને લીધે મનુષ્યનું મૃત્યુ પણ થઈ શકે છે. આ બે રોગની આપણે ચર્ચા કરી એવી જ રીતે બીજા બધા રોગ થતાં હોય છે. જેની ચર્ચા સમયગાળા પ્રમાણે પાછળથી કરીશું. પણ કહેવાનો મતલબ કે આ જ ઋતુમાં એટલે કે ચોમાસામાં રોગ વધારે થતાં હોય છે અને તેથી દરેક મનુષ્યે કાળજી રાખવી જોઈએ. દરેક ઋતુમાં રોગો તો થતાં હોય છે એ બધાની ચર્ચા આપણે ચોક્કસ કરીશું. થોડી રાહ જોવો.

# લેખન, અભિનય અને પત્રકારિત્વમાં નારી ગૌરવ : જિજ્ઞાસા પટેલ



## મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

સ્ત્રી એ સંસારનું સૌથી મોટું રહસ્ય છે. એવું જગતના તમામ ફિલોસોફરે કહ્યું છે. તો વળી સ્ત્રીનું સર્જન કર્યા પછી સ્ત્રીને ખુદ બ્રહ્મા પણ સમજી શક્યા નથી એવું આપના ભારતીય તત્વચિંતકો કહે છે. સ્ત્રી વિશે જગતભરમાં ખુબ જ લખાયું છે. જગતના વૈજ્ઞાનિકો જેટલો પ્રયાસ મંગળ ગ્રહને સમજવાનો કરે છે એનાથીયે વધુ પ્રયાસ જગતમાં સ્ત્રીને સમજવાનો થયો છે. પણ મંગળ અને સ્ત્રી બન્ને હજી કોઈને સમજાયા નથી. દેવલોકની અપ્સરાથી થી લઈને દીપિકા પાદુકોણે સુધીની સ્ત્રીઓનો ભારતીય સમાજ ઉપર ખુબ મોટો દબદબો રહ્યો છે. અને સ્ત્રીઓ શોષાતી પણ રહી છે. તો વળી ક્યાંક સ્ત્રીઓની હકૂમત પણ રહી છે. આપણા દેશમાં નારીશક્તિને ખુબ માનવામાં આવે છે પણ આપણા પુરુષપ્રધાન સમાજમાં એને જોઈએ એટલું માન સન્માન નથી મળતું. નારીને ગૃહિણી કે અબળા ગણીને ઘરમાં જ રાખવામાં આવે છે. આપણા દેશની એ સામાજિક કમજોરી છે કે આપણે ત્યા કોઈ સ્ત્રી કે છોકરી રાત્રે બાર એક વાગ્યે પોતાને ઘેર પણ આવે તો ય લોકો એને શંકાની નજરે જૂએ છે. આપણે ત્યા આજે પણ સ્ત્રી પુરુષની મૈત્રીને સ્વીકૃતિ નથી. આવા સમયે આપણા ગુજરાતની સુરત જેવા શહેરમાં રહેતી એક છોકરી એકલી પોતાની કારકિર્દી બનાવવા મુંબઈ જઈને પોતાનું નામ રોશન કરે એ આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. મને જિજ્ઞાસા પટેલનો સીધો પરિચય ગાંધીનગરમાં વર્ષ – ૨૦૧૩માં આયોજિત એક શિબિરમાં થયેલો. આ શિબિરમાં એક શિબિરાર્થી રૂપે ઉપસ્થિત રહીને પોતાની એક અલગ છાપ સૌના માનસમાં છોડેલી.

તા. ૯-ઓગષ્ટ – ૧૯૮૪માં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના રાજપુરીતલાટ નામના સાવનાના ગામમાં જન્મેલ આ જિજ્ઞાસા પટેલ આજે સાહિત્ય, પત્રકારિત્વ, અભિનય અને મિડીયા ક્ષેત્રમાં ખુબ જ સક્રિયતાથી કામ કરે છે. પ્રાથમિક શિક્ષણ રાજપુરીમાં પૂર્ણ કરીને વીરવલમાં માધ્યમિક અને પાણીખડકમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને કૉલેજનું ઉચ્ચ શિક્ષણ ધરમપુરમાં લઈને આગળ આવનાર આ લેખિકા જ્યારે કૉલેજના બીજા વર્ષમાં હતા તેમની એક લઘુનવલ 'ઝાંપો ઉદાસ છે' પ્રગટ થયેલી. જે એ વખતે સુરતથી પ્રગટ થતા 'ગુજરાત મિત્ર'. 'જગત દર્પણ' નવ ગુજરાત ટાઈમ્સ તથા અન્ય બે અખબારોમાં હપ્તાવાર પણ પ્રગટ થયેલી. આ લઘુનવલની પ્રસ્તાવના જાણીતા વાર્તાકાર શ્રી રજનીકુમાર પંડ્યા, નયન હ. દેસાઈ અને મુકુલ ચોકસી એમ ત્રણ સર્જકોએ લખીને આ પ્રથમ લઘુનવલને આવકારી હતી. આ ઉપરાંત આ નવોદિત લેખિકાની બીજી બે નવલકથાઓ છે. 'કિનારો ક્યાં' અને 'હવે સાંજ થવાની છે' જેમાં ''કિનારો ક્યાં'' નવલ વૃદ્ધોના જીવનના વિવિધ પ્રશ્નો લઈને આવે છે જ્યારે ''હવે સાંજ થવાની છે'' એ મનોવૈજ્ઞાનિક કથાનક લઈને આવતી નવલકથા છે.

આજકાલ અખબારી લેખનનું પણ મહત્વ વધી રહ્યું છે. અખબારની કૉલમો નિયમિત રીતે લખવી એ સહેજેય સહેલું કામ નથી. આ લેખિકા એક સાથે ઘણા બધા અખબારોમાં વિવિધ પ્રકારની કોલમો પણ લખે છે. સુરતથી પ્રગટ થતું 'નવ ગુજરાત ટાઈમ્સ' દૈનિકમાં બે કોલમોનુ લેખન કાર્ય કરે છે. જેમાં સત્યના સથવારે કોલમમાં સત્યઘટના પર આધારિત વાર્તાઓ લઈને એને પ્રજા સમક્ષ મુકવામાં આવે છે. આ સંદર્ભે સત્યકથા લખવાને કારણે આ લેખિકાને એક બે વખત ધમકી પણ મળેલી પરંતુ સહેજેય ડર્યા વિના લખીને પોતાની નીડરતાનો પરિચય પણ આપેલો છે. અને સાહિત્યની સરવાણી કોલમમાં સાહિત્યિક પુસ્તકોનું વિવેચન, સમીક્ષા લખીને નવા પુસ્તકોને આવકાર્યા છે. આ બન્ને કોલમો અનુક્રમે એક વર્ષ અને બે વર્ષ લખીને વ્યસ્તતાને કારણે બંધ કરેલી. સૌરાષ્ટ્રના એક 'સૌરાષ્ટ્ર સત્યા' નામના અખબારમાં '' 'ખટ્ટીમીઠ્ઠી બાતેં' કોલમમાં જુદા જુદા ક્ષેત્રના નામાંકિત વ્યક્તિઓના જીવનની ખટ્ટીમીઠ્ઠી વાતો ભાવકો સમક્ષ ખુલ્લી મૂકાતી હોવાથી આ કોલમ ખુબ લોકપ્રિય નીવડી છે. નવ ગુજરાત ટાઇમ્સમાં 'વ્યથાની વાત' કોલમમાં પોતાની મૌલિક સોથી વધુ ટૂંકીવાર્તાઓ લખી છે. જેના બે વાર્તાસંગ્રહો પ્રગટ કરી શકાય એમ છે. 'ખાસ મુલાકાત' નામની કોલમ એક સાથે ત્રણ અખબારમાં આ લેખિકાએ લખી છે. નવ ગુજરાત ટાઈમ્સ, જગત દર્પણ અને ક્રાઈમ ત્રિશંકુ. આ ખાસ મુલાકાતમાં શ્રી રજનીકુમાર પંડ્યા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ધ કપિલ શર્મા શોમાં બૂઆનું પાત્ર ભજવીને પ્રસિદ્ધ થયેલ ઉપાસના સિંગ, હિતેનકુમાર, રાકેશ પુજારા, દિનેશ ફડનવીસ, બીજલ જોશી, કૃણાલસિંહ રાજપુત વગેરે જેવા મહાનુભાવોની મુલાકાતો લઈને અનેક સેલિબ્રિટિઓને મળવાનો લ્હાવો આ નવલેખિકાને મળ્યો છે. આ લેખિકાએ સામાજિક કાર્યમાં પણ પોતાની કલમ ચલાવી છે. '' શું અમને અવતરવા દેશો ? '' શીર્ષક હેઠળ ભ્રૂણહત્યા વિષય પરના ૧૨ જેટલા લેખો લખીને બેટી બચાવો અભિયાનમાં પણ પોતાનો સહયોગ કરેલ છે. તો વળી '' ક્રાઈમ ત્રિશંકુ '' નામના અખબારમાં '' વિશાલ વ્યક્તિત્વ '' (હગ પર્સનાલિટી) નામની કોલમમાં કોઈપણ એક વ્યક્તિના જીવનની કેટલીયે ખટ્ટીમીઠ્ઠી વાતોને રજુ કરે છે. જેમાં આ ગુજરાતી નવલેખિકાએ દક્ષિણભારતના સુપર સ્ટાર પાવર સ્ટાર, તથા બદ્રી, ખુશી, જલસા, સરદાર ગબ્બરસિંહ જેવી અનેક ફિલ્મોના સુપરસ્ટાર '' પવન કલ્યાણ '' અભિનેતાના જીવનની અનેક વાતોને એમના ભાવકો સુધી પહોંચાડે છે. કોઈ એક કલાકારના જીવનની ઘણી બધી વાતોને આ રીતે લેખમાળા રૂપે પ્રગટ કરવાનો આ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રીયાલીટી નહિ, એન્ટરટેઈનમેન્ટ જુઓ....!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

'બીગ બોસ ચાહતે હૈ કી હીના કન્ફેશન રૂમ મેં આયે '...' નમસ્કાર દેવીયો ઔર સજ્જનો...મૈ અમિતાભ બચ્ચન આપકા કૌન બનેગા કરોડપતિ મેં સ્વાગત કરતા હું..''... જી હા ટીવી દર્શકોના પસંદીદા રીયાલીટી શો આર બેક ટુ સ્મોલ સ્ક્રીન...! સાસ-બહુના રોના ધોના કે પછી તારક મહેતાની ચ્યુંન્ગમની જેમ ખેચાતી જતી કોમેડી કે પછી મુવી ચેનલ્સ પર દર બીજા દિવસે રીપીટ થતી બ્લોકબસ્ટર ફિલ્મો જોઈ જોઈને કંટાળ્યા હોવ તો આવી ગયા છે મનોરંજન કરવા માટે એકથી એક અલગ અને નવીન ફોર્મેટ્સમા રીયાલીટી શોઝ...! બીગ બોસ અને કેબીસી તો એક ઉદાહરણ માત્ર છે પણ લગભગ બધી જ ચેનલ્સ પર કોઈને કોઈ રીયાલીટી શો ધૂમધડાકાની સાથે આવી રહ્યા છે કે આવવામાં છે. એનું કારણ છે કે ટીવી અને રીયાલીટી શો આજકાલ એકબીજાના પર્યાય બની ગયા છે. દર્શકોની ટીઆરપી તો વધે જ વધે છે પણ સાથે સાથે ચેનલના ખજાનામાં સારી એવી આવક પણ આવતી થાય છે એના લીધે મોટાભાગની ચેનલ્સ આવા રીયાલીટી શો નિયમીત અંતરે રજુ કરતી રહે છે.

સોની ટીવી પર મહાનાયક અમિતાભ દ્વારા કમબેક કરતો શો કૌન બનેગા કરોડપતિનો જ દાખલો લઈ લ્યો ને. સોનીની સીરીયલ 'પહેરેદાર પિયા કી' વિવાદ પછી બંધ કરવી પડી અને કપિલ શર્માની બીમારીને લીધે સોનીનો સૌથી વધુ લોકપ્રિય શો 'ધ કપિલ શર્મા શો' પણ ઓફએર કરવો પડ્યો એવામાં સોનીને દર્શકો મેળવવા મુશ્કેલ થઈ ગયા એવા સમયે રજુ થયેલો કેબીસી બચ્ચનના કરિશ્મા અને ત્રણ વર્ષ પછી બેક ટુ છોટા પરદા થવાને કારણે સડસડાટ દર્શકો મેળવવામાં કામિયાબ નીવડ્યો છે. કેબીસીને રીયાલીટી શો ગણવો કે ગેમ શો એ ક્રિટીક્સ પર છોડી દ્યો પણ હકીકત છે કે કેબીસી એ હાલ તુરંત તો સોનીની ડૂબતી નૈયા તારી દીધી છે . નો ડાઉટ વીકેન્ડમાં કૈક અંશે ચેરીટી પ્રોગ્રામ બની જતો અને માતબર રકમ માટે પુછાતા ઈઝી સવાલ અને મુખ્ય સ્પોન્સર જીઓને લીધે વારેવાર સરકારી નીતિઓને લગતા સવાલો પૂછવા જેવા આરોપો લાગવા છતાં બચ્ચનનો કરિશ્મા અને પોપ્યુલર ફોર્મેટ કેબીસીને બીજા રીયાલીટી શોથી આગળ રાખે છે. આવું જ કૈક બીગ બોસ માટે કહી શકાય. આ વખતે પાડોશી થીમ સાથે મેદાનમાં આવેલો અને દર વખતે કૈક નવું આપવાની કોશિશ કરતો અને છેલ્લા ૧૧ વર્ષોથી નિરંતર આવતો આ રીયાલીટી શો અમુક ચોક્કસ દર્શકોની પહેલી પસંદગી છે એમાં કોઈ બેમત નથી. લડાઈ, ઝગડા, ડ્રામા અને નૌટંકીથી ભરપુર આ શોને રીયાલીટી ગણવો કે નહિ એના પર ઘણાને ડાઉટ હોય શકે છે પણ છતાયે ટીઆરપીની રેસમાં આ રીયાલીટી શો જ્યારે પણ શરુ થયો ત્યારે પોતાનું સ્થાન જાળવી રાખે છે.

ગયા વર્ષે બીગ બોસ – ૧૦ ને મળેલા મધ્યમ પ્રતિસાદ પછી એવું લાગવા લાગેલું કે ભારતીય ચેનલ્સ પર રીયાલીટી શો બહુ ચાલશે નહિ અથવા તો દર્શકોની રૂચી આવા રીયાલીટી શો પ્રત્યે ઓછી થતી જાય છે અને એનું એક કારણ એ પણ હતું કે લગભગ દરેક ચેનલ પર એકસાથે ઢગલાબંધ રીયાલીટી શો શરુ થઈ ગયેલા જેમાં કોઈ ડાન્સ નો હતો, કોઈ સિંગિંગનો હતો તો કોઈ ડ્રામાનો હતો.પણ આ વર્ષે રીયાલીટી શો મેકર્સ માટે ખુશીના સમાચાર એ છે કે ગયા મહિનાના ટીઆરપી ફીગર્સ મુજબ શહેરોમાં સૌથી વધુ જોવાતા પાંચ ટીવી પ્રોગ્રામોમાં ત્રણ રીયાલીટી શો હતા અને એ છે કેબીસી, ખતરો કે ખિલાડી અને અમુલ સારેગામા, આમાં પણ કેબીસી અને ખતરો કે ખિલાડી નમ્બર વન અને ટુ પર છે. જો કે ખતરો કે ખિલાડી તો હવે પૂર્ણ થઈ ગયેલ છે પણ સ્પેન જેવું મસ્ત લોકેશન અને દિલધડક સ્ટંટ ધરાવતો આ શો રીયાલીટી શો પ્રેમીઓ માટે ઓલ્વેઝ મસ્ટ વોચ કેટેગરીમાં રહ્યો છે. જો કે ઓક્ટોબર ફર્સ્ટ વીકના આંકડા આવવા બાકી છે પણ જેમ અત્યારે કેબીસી ટોપ પર છે એ જ રીતે એ વીકમાં બીગ બોસની પણ ટોપ ફાઈવમાં એન્ટ્રી થવાની એ નક્કી છે જો કે બીબી ના ઓપનીંગ એપીસોડની ટીઆરપી નબળી હતી પણ આ શો જેમ જેમ આગળ વધતો જશે, જેમ જેમ લડાઈ, ઝગડા અને કાવા-દાવા વધતા જશે એમ એમ ટીઆરપીની રેસમાં પણ આગળ નીકળતો જશે જ...!!

ખેર વાત ખાલી કેબીસી કે બિગબોસની નથી પણ આ સિવાય પણ ઘણા રીયાલીટી શો ઓનએર છે અથવા તો નજીકના ભવિષ્યમાં ઓનએર ધમાકો કરવાના છે. આગળ કહ્યું એમ કલર્સ પર ખતરો કે ખિલાડી – પેઈન ઈન સ્પેન હમણાં જ પૂરો થયો અને એ શો માટે 'યે રિશ્તા ક્યાં કહેલાતા હૈ' જેવો લોકપ્રિય શો છોડનાર હીનાખાન ખતરો કે ખિલાડી તો જીતી ના શકી પણ ત્યાંથી સીધી બિગબોસના ઘરમાં પોતાનું કિસ્મત અજમાવવા પહોચી ગઈ છે. છોટા પરદાનો અને એમાયે રીયાલીટી શોનો જાદુ

**અનુસંધાન પાના નં. ૭ પર**

## વિસરાતી વાનગી



### અડદીયા પાક

**સામગ્રી :**

૨૦૦ ગ્રામ, અડદનો લોટ, ૨૫૦ ગ્રામ બાવળનો ગુંદર (સ્ત્રી) / ખેરી ગુંદર (પુરુષ), ૧૫૦ ગ્રામ દળેલી સાકર + ૫૦ ગ્રામ ગોળ ઝીણો સમારેલો. (સ્વાદ અનુસાર), ૨૦૦ ગ્રામ કાજુ, ૨૦૦ ગ્રામ બદામ, ૨૦૦ ગ્રામ ટોપરાની ઝીણી છીણ, ૫૦ ગ્રામ સૂંઠ પાઉડર, ૫૦ ગ્રામ ગંઠોડાનો પાઉડર, ૨૦ ગ્રામ ચારોળી, ૫૦ ગ્રામ મગજતરીના બી, ૧૦ ગ્રામ ખસખસ, ૧૦ ગ્રામ એલચી પાઉડર, ૧ કિલો ઘી.

**બનાવવાની રીત :**

સૌ પ્રથમ ગુંદરને મિક્ષરથી દળીને ઘઉંની ચારણીથી ચાળીને આગળના દિવસે થોડું ઘી લઈને (લગભગ ગુંદર કરતા બમણઉં) પલાળી રાખો. આ માટે ઘી ને થોડું ગરમ કરીને ઠંડુ પાડવું. હવે અડદના લોટને ઘઉંની ચારણીથી ચાળીને થોડો ઘીમાં શેકી લેવો. આમા પણ લોટ પલળે એટલું ઘી લેવું. લોટ બદામી જેવો શેકાઈ જાય એટલે નીચે ઉતારીને બીજી તપેલીમાં કાઢી લેવો. ત્યારબાદ બાકીના વધેલા ઘીમાં ગોળ નાખી ગરમ કરી તેનો પાયો કરવો. ગોળ-ઘી બરાબર એકરસ થઈ જાય એટલે ગેસ બંધ કરી દેવો. પછી તેમાં પલાળેલો ગુંદર ભેળવવો. ત્યારબાદ તેમાં શેકેદા અડદનો લોટ ભેળવવો. ત્યારબાદ ઉપર જણાવેલા બધા જ મસાલા, ડ્રાયફ્રુટ નાખીને મીક્સ કરી દેવું. (થોડા કાજુ બદામનો અધકચરાં ખાંડેલા રાખી બાકીના ડ્રાયફ્રુટને ઉપર ગાર્નિસ કરવા રાખવા. અથવા બધા જ ડ્રાયફ્રુટ અધકચરા ખાંડેલા નાખી શકો.) બધું જ મિશ્રાણ એકસરખું મિક્ષ કરીને મોટા તાસમાં થોડું ઘી ચોપડી તેની ઉપર ઠારી દો. થોડું ઠંડુ પડવા આવે ત્યારે મનગમતી સાઈઝમાં પીસ કરી લો. અને એક આખો દિવસ ઠંડુ પડવા મૂકી રાખો અને પીસ કરીને ડબ્બામાં ભરી લો. ૧૫ દિવસ સુધી તમે આરામથી બહાર રાખી શકશો.

ગુંદરના કારણે કમરનો દુઃખાવો, સાંધાના દુઃખાવામાં રાહત આપે છે. વળી ગરમ મસાલા પણ તમે તમારી પ્રકૃતિ અનુસાર વધતા-ઓછા પ્રમાણમાં લઈને દવાનું કામ કરે છે અને ગમે તેવી ઠંડીમાં પણ તમે દિવસનો એક પીસ ગરમીનો અહેસાસ કરાવી શકે છે. ડ્રાયફ્રુટ, અડદનો લોટ પણ પૌષ્ટિક છે. બહાર ગાંધીની દુકાને મળતો અડદિયા પાકમાં નાખવાનો તૈયાર મસાલો પણ આમાં નાખીને ગરમાવામાં વધારો કરી શકો છો.